## કાવ્યની સમજૂતી

હે હિંદમાતા! હે દેવભૂમિ ! અમે સૌ તમારાં સંતાનો છીએ ! અમે સૌ સાથે મળીને (તમને) વંદન કરીએ છીએ, અમારા વંદન (તમે) સ્વીકારજો !

હે દેવી! આ ભૂમિમાં વસનારા હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, જૈન વગેરે સૌ સમાન રીતે, તમારા સંતાન છીએ.

તમે સૌને સારું ખાનપાન આપી, અમારું પોષણ કરો. અમે સૌ સંતાનો મારાથી બનતા તમારી બધી સેવા કરીશું.

જે (શારીરિક કે માનસિક રીતે) રોગી અને નીરોગી છે, ગરીબ અને તવંગર છે, જ્ઞાની અને નિરક્ષર છે, એ સૌ તમારાં સંતાનો છે.

હે માતા! વાલ્મિકી, વેદવ્યાસ, ગુરુ નાનક, મીરાં, કબીર, તુલસીદાસ, અકબર, શિવાજી – એ સૌ તમારાં સંતાનો છે.

તું સૌની સમાન માતા છે, તેથી અમે સૌ સમાન છીએ, એમાં કોઈ ઊંચા નથી, કોઈ નીચાં નથી, સૌ તમારા સંતાન છીએ.

અમે સૌ તમારાં સંતાનો આજે ભેગા મળીને પ્રાર્થના કરીએ છીએ કે અમે સૌ એકબીજા સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરી, (જરૂર પડે ત્યારે) એકબીજાની મદદ કરીશું.

## અભ્યાસ પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધો.

(1) આ કાવ્ય કોને સંબોધીને લખેલું છે ?

( ક) ધરતીને (ખ) હિંદને (ગ) હિંદમાતાને (ઘ) સૌ સંતાનો

(2) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે ?

( ક) વેદોની (ખ) કૃષ્ણની (ગ) દેવોની (ઘ) પુણ્યની

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) કવિ વંદન સ્વીકારવાનું કોને કહે છે ?

ઉત્તર : કવિ દેવભૂમિ હિંદ માતાને વંદન સ્વીકારવાનું કહે છે.

(2) હિંદમાતા સંતાનો નું પોષણ કેવી રીતે કરે છે?

ઉત્તર : હિંદમાતા સંતાનો નું પોષણ પૂરું ખાનપાન આપીને કરે છે.

(3) આ કાવ્યમાં કયો ભાવ રજૂ થયો છે?

ઉત્તર : આ કાવ્યમાં આપણે તમામ દેશવાસીઓ પરસ્પર પ્રેમ અને ભાઈચારા સાથે રહેવું જોઈએ એવો ભાવ રજૂ થયો છે.

## સ્વાધ્યાયના પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) ભારતમાં કયા કયા ધર્મ પાળતી પ્રજા વસે છે ?

ઉત્તર ભારતમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, શીખ, જૈન તેમજ બૌદ્ધ ધર્મ પાળતી પ્રજા વસે છે.

(2) ભારતભૂમિને કવિ માતા તરીકે કેમ સંબોધે છે?.

ઉત્તર : એક માતાની જેમ ભારતમાતા એનાં સૌ સંતાનો નું પોષણ કરે છે, ભેદભાવ વિના સરખો પ્રેમ આપે છે, તેથી ભારતભૂમિને કવિ માતા તરીકે સંબોધે છે,

(3) ભારતમાં વસ્તી પ્રજાને કવી સમાન શા માટે ગણે છે?

ઉત્તર :

- ભારતમાં વસ્તી પ્રજાને કવી સમાન ગણે છે, કારણ કે અહીં એવ" અલગ ધર્મ પાળતી જે પ્રજા વસે છે એ સૌની માતા (હિંદમાતા) એક જ છે.
- માતા એક હોય તો એ માતાનાં તમામ સંતાનો સમાન જ હોય, માટે અહીં કોઈ ઊંચ નથી કે કોઈ નિચ નથી.

(4) ભારત માતાના સંતાનો છેલ્લે શી પ્રાર્થના કરે છે ?



ઉત્તર : ભારત માતાનાં સો સંતાનો નાત, જાત કે ધર્મના ભેદભાવ ભૂલીને એકબીરી સાથે પ્રેમ અને સહકારથી રહે, તેમજ એકબીજાને મદદ કરે એવી પ્રાર્થના કરે છે.

(5) ‘પ્રાર્થના' વિશે છ-સાત વાક્યો લખો.

ઉત્તર :

- 'પ્રાર્થના' એટલે અરજ, વિનંતી, માગણી, ઈશ્વર સ્તુતિ, ઉપાસના. પ્રાર્થના એ વ્યક્તિ અને પરમાત્મા વચ્ચેનો સેતુ છે.
- શરીરને સ્વસ્થ રાખવા ખોરાકની જરૂર છે એમ મન, હૃદયને સ્વસ્થ રાખવા પ્રાર્થનાની જરૂર રહે છે. પ્રાર્થના આપણને શક્તિ આપે છે. તે આપણા મનને શાંત રાખે છે.
- પ્રાર્થના દુ:ખી હૃદય નો પોકાર છે. પતિતને તે પાવન કરે છે.

પ્રશ્ન 2. માગ્યા મુજબ વિગતો લખો:

| ક્રમ | ધર્મનું નામ | ધર્મગુરુ | ધર્મ ગ્રંથ | ધર્મ સ્થાન | ધર્મ પ્રતિક | મુખ્ય તહેવાર |
|---|---|---|---|---|---|---|
| 1. | હિન્દુ | આદિ શંકરચાર્ય | ભગવદગીતા<br>રામાયણ<br>મહાભારત | મંદિર |  | દિવાળી<br>હોળી<br>જન્માષ્ટમી |
| 2. | મુસ્લિમ | મહંમદ પયગંબર | કુરાનેશરિફ | મસ્જિદ |  | મોહરમ<br>બકરીઈદ |
| 3. | શીખ | ગુરુનાનક | ગુરુગ્રથ-સાહેબ | ગુરુદ્વારા |  | ગુરુ પર્વ<br>નાનક જયંતિ |
| 4. | ખ્રિસ્તી | ઇસુ | બાઇબલ | દેવળ |  | નાતાલ<br>ગુડ ફ્રાઈડે |
| 5. | પારસી | અષો જરથુષ્ટ્ર | અવેસ્તા | અગિયારી |  | પતેતી,<br>નવરોજ |
| 6. | જૈન | ચોવીસ તીર્થકર (મહાવીર) | આગમ | દેરાસર |  | પર્યુષણ,<br>મહાવીર જયંતિ |
| 7. | બૌધ્ધ | બુધ્ધ | ત્રિપિટક | વિહાર |  | બુધ્ધ-પુર્ણિમા |

પ્રશ્ન 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો કોષ્ટકમાથી શોધીને લખો:

1) જ્ઞાની * અજ્ઞાની
2) નીરોગી * રોગી
3) તવંગર * ગરીબ
4) ઉચ્ચ * નીચ
5) સમાન * અસમાન
6) સાક્ષર * નિરક્ષર

પ્રશ્ન 4. અધુરી કાવ્યપંક્તિ પૂર્ણ કરો :

1)

પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી :

સેવા કરે બને તે સંતાન સૌ તમારાં !

(2)

સૌની સમાન માતા, સૌએ સમાન તેથી

ના ઉચ્ચ-નીચ કોઈ સંતાન સૌ તમારાં !

પ્રશ્ન 5. 'વિવિધતામાં એકતા' વિશે તમારા શિક્ષકની મદદથી આઠ-દસ વાક્યો લખો.

ઉત્તર :

- વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે.
- દેશમાં જુદા જુદા પ્રદેશો છે. એ પ્રદેશમાં વસ્તા લોકોના પહેરવેશ, ધર્મ, ભાષા, રીતરિવાજ જુદાં જુદાં છે. છતાં બધા દેશવાસીઓ સંપ અને સહકારથી રહે છે.
- લોકોમાં પરસ્પર પ્રેમ તેમજ ભાઈચારાની ભાવના છે.
- પરદેશીનાં અનેક આક્રમણો થયા, છતાં 'આપણે ભારતીય છીએ' એ ભાવના અખંડિત રહી છે.
- આપણે સૌ ભારત માતાના સંતાનો છીએ. તેથી એકબીજાને મદદ કરીએ છીએ.
- એકબીજાના તહેવારો સાથે મળીને ઉજવીએ છીએ. સામાજિક પ્રસંગોમાં સહભાગી થઈએ છીએ. આ રીતે 'વિવિધતા' આપણી વિશેષતા છે અને 'રાષ્ટ્રીય એકતા' આપણું ગૌરવ છે.